# સ્પોર્ટ્સ લોયર (રમતગમતના કાયદાને લગતા વકીલ)

રમતગમતનો કાયદો એ વિવિધ પ્રકારના કાયદાનો એક સમૂહ છે જે રમતગમત ઉદ્યોગ પર અસર કરે છે. સ્પોર્ટ્સ લોયર, જેને સ્પોર્ટ્સ લો એટર્ની તરીકે પણ ઓળખવામાં આવે છે, તે રમતવીર, બોર્ડ, ટીમો, લીગ અને અન્ય રમત સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા લાઈસન્સ પ્રાપ્ત કાનૂની વ્યાવસાયિક છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે રમતગમતનો આનંદ માણો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમને યોગ્ય મુદ્દાઓ માટે અવાજ ઉઠાવવાનું પસંદ છે
- તમને સમસ્યાઓ ઉકેલવામાં લોકોને મદદરૂપ થવાનો પ્રયાસ કરવો ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧૭,૫૫૦ થી ૨૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.




## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ૧૦+૨ પૂર્ણ કરો.

૨. કાયદામાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી સ્પોર્ટ્સ લોમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

જો તમે વિદેશમાં સ્પોર્ટ્સ લૉમાં એલ.એલ.એમ. કરવાનું પસંદ કરો છો તો તમારે IELTS અથવા TOEFL જેવી અંગ્રેજી ભાષાની કસોટીઓ આપવાની જરૂર પડશે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સ્પોર્ટ્સ લોયરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧,૦૬,૦૦૦ થી ૧,૯૦,૪૮૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: http://www.salaryexpert.com/salary/job/sports-lawyer/india/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કાનૂની સંસ્થાઓ, એથ્લેટિક એસોસિએશન, કાનૂની અથવા મનોરંજન સંસ્થાઓ

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. તમે કોર્ટના કામકાજના કલાકો ઉપરાંત વધારાના કલાકો કામ કરવાની અપેક્ષા રાખી શકો છો, જે સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૭ થી ૮ કલાક હોય છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

લૉ ઈન્ટર્ન → વકીલ → વરિષ્ઠ વકીલ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સ્પોર્ટ્સ લોયર, સ્પોર્ટ્સ એટર્ની

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**હાલમાં ભારતમાં કોઈ કોલેજ સ્પોર્ટ્સ લોમાં એલ.એલ.બી. ઉપલબ્ધ કરાવતી નથી.** જો કે, કેટલીક કોલેજો છે, જે આ વિષયમાં એલ.એલ.એમ.ની ડિગ્રી ઉપલબ્ધ કરાવે છે. સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (ડિપ્લોમા)
૨. એમ.એસ.યુ., વડોદરા

**આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ**

૧. નૉટિંગઘમ
૨. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૩. જી.એલ.એસ. યુનિવર્સિટી, અમદાવાદ
૪. એ.એલ.એસ., આણંદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in



## સાફલ્ય ગાથા

**રાઘવેન્દ્ર પટનાયક**, નેશનલ લૉ સ્કૂલ ઑફ ઈન્ડિયા યુનિવર્સિટી (એન.એલ.એસ.આઈ.યુ.)ના સ્નાતક, હાલમાં ફેરપ્લે મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડમાં મેનેજિંગ ડિરેક્ટર છે. આ પહેલા તેમણે કોર્નસ્ટોન સ્પોર્ટ એન્ડ એન્ટરટેઈનમેન્ટ પ્રા.લિ.ની સહ-સ્થાપના કરી હતી તે પહેલા તેઓ મહેશ ભૂપતિ સંચાલિત ગ્લોબોસ્પોર્ટમાં કાનૂની સલાહકાર હતા.*

સ્રોત : https://www.lawctopus.com/raghavendra-patnaik-sports-law-career/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ